જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૨/૧૩ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૩૭૪૮/૧૩

ઇસનપુર પો.સ્ટે.ઃ

ઇસનપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૨૭૪/૧૩ ઇપીકો કલમ ૩૯૪. ૩૯૫. ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબના કામના આરોપી શકિલ એહમદ ઉર્ફે ભુરીયા નાશીરએહમદ અંન્સારી ઉ.વ.૩૯ રહે.ડાહયાભાઇ કડીયાની ચાલી લાલ મીલ સામે રખીયાલ અ'વાદ તથા ૨. આઝમઅલી અઝગરઅલી અંન્સારી ઉ.વ.૩૫ રહે.પુજારીની ચાલી ચારતોડા કબ્રસ્તાન પાસે ગોમતીપુર અ'વાદ નાઓને સદર ગુન્હામા તા.૧૦.૧૨.૨૦૧૩ ના કલાક ૨૧.૦૫ વાગે અટક કરી તા.૧૩.૧૨.૧૩ ના કલાક ૧૭.૦૦ વાગ્યા સુધી રીમાન્ડ પર મેળવેલ જેઓની સઘન પુછપરછ દરમ્યાન ગ્યાસપુર ફતહવાડી ખાતે રાત્રે ત્રણ પેસેન્જરને લુંટી લીધેલાની કબુલાત કરતા ખાત્રી કરાવતા અસલાલી પો.સ્ટે ફ.ગુ.ર.ન ૧૬૪/૧૨ ઇ.પી.કો કલમ ૩૯૨.૧૧૪ મુજબના ગુન્હાનો ભેદ ઉકેલાયો છે.

વટવા પો.સ્ટે.ઃ

વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૩૩૬/૨૦૧૩ ધી પ્રોહી કલમ ૬૬બી.૬૫એ.ઇ ૧૧૬બી મુજબ કામે વટવા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. જે.એન.ગૌસ્વામી નાઓ તથા પોલીસ સ્ટાફના માણસો અ.હે.કોન્સ છત્રસિંહ બળવંતસિંહ બ.નં.૭૫૨૭ તથા અ.હે.કોન્સ નરેન્દ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૩૭૨૬ તથા અ.પો.કોન્સ. વાહીદખાન અમીરઉલ્લાખાન બ.નં.૮૩૧૧ તથા અ.પો.કો મુકૂંદસિંહ વિક્રમસિંહ બ.નં..૩૯૯૫ નાઓ સાથે પ્રોહીબીશનની ડ્રાઇવ અન્વયે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન કલાક ૨૨/૧૦ વાગે અંબિકાબ્રીજના છેડે રોડ ખાતેની અ.પો.કો મુકૂંદસિંહ વિક્રમસિંહ બ.નં..૩૯૯૫ નાઓની બાતમી આધારે આરોપી યાસીન ઉર્ફે ટાપા સરવરખાન પઠાણ રહે રોશનીપાર્ક મદીનાબેનના મકાનમાં નારોલ વટવા રોડ વટવા અ'વાદ શહેર નાને વગર પાસ પરમીટે ગેરકાયદેશર રીતે કીંગ ફીશર સ્ટ્રોગ બીયર ટીન નંગ ૨૪ જેની કિ રૂ ૨૪૦૦/- તથા રોયલ સ્ટેગ ઇગ્લીશ દારૂ બોટલો નંગ ૧૨ જેની કિ રૂ ૩૬૦૦/- તથા નોકીયા ૧૧૨ મોબાઇલ ફોન જેની કિ રૂ ૧૦૦૦/- તથા પોતાની માલીકીની

એકટીવા નં જી જે ૧ એફઇ ૧૧૯૫ ની કિ રૂ ૨0000/- ના કુલ્લે કિ રૂ ૨૭,000/- ના મુદામાલ સાથે પકડી તા ૧૧/૧૨/૨૦૧૩ ના કલાક ૨૩/30 વાગે અટક કરવામાં આવેલ છે.

**નરોડા પો.સ્ટે.:**

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંકઃ પીસીબી/ડીટીએન/પાસા/ ૧૪૯/૦૮ તા. ૨૪/3/૦૮ થી આરોપી **પ્રકાશ રાયાજી ઉર્ફે ડાયાજી ઉર્ફે રામાજી જાતે મેણા** ઉ.વ. ૩૧ રહે- ગામ લવાગઢ તા. ધરીયાવધ જી. પ્રતાપગઢ રાજસ્થાન હાલ રહે- ગામ પાંચાકુંડા પ્રાથમિક શાળાની બાજુમાં તા. ધરીયાવધ જી. પ્રતાપગઢ રાજસ્થાન નાનો સને- ૨૦૦૮ થી આજદિન સુધી નાસતો ફરતો હોઇ જેની તપાસ (૧) હે.કો. ગિરીરાજસિંહ અનીરૂધ્ધસિંહ (૨) હે.કો. હસમુખભાઇ મણીયાજી (૩) પો.કો. મહિપાલભાઇ સુરેશભાઇ (૪) લોકરક્ષક જયપાલસિંહ દશરથસિંહ નાઓએ કરતાં **પ્રકાશ રાયાજી ઉર્ફે ડાયાજી ઉર્ફે રામાજી જાતે મેણા** તા. ૧૨/૧૨/૨૦૧૩ ના રોજ તેના વતન ખાતેથી મળી આવતાં તેને નરોડા પો.સ્ટે. લાવી પાસા હુકમની બજવણી કરી, ભરૂચ જેલ ખાતે મોકલી આપેલ છે.

**વેજલપુર પો.સ્ટે.:-**

વેજલપુર પો.સ્ટે.ખાતે ફરજ બજાવતાં (૧) એ.એસ.આઇ નટવરભાઇ કરશનભાઇ બ.નં ૭૩૦૪ (૨) પો.કો જાહીદખાન મુનસખાન બ.નં.૫૧૫૯ (૩) પો.કો અનવરખાન પિરખાન બ.નં.૯૬૪૬ (૪) લોકરક્ષક ભરતસિહ હિમ્મતસિંહ બ.નં ૫૫૪, વેજલપુર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ક.૧૯/૧૦ વાગે પો.કો જાહીદખાન મુનસખાન બ.નં.૫૧૫૯ નાઓની બાતમી આધારે વાસણા સર્કલ પાસે જાહેર રોડ ઉપરથી શકમંદ હાલતમાં પસાર થતાં આરોપી- (૧) મહંમદતુફેલ ઇલિયાસભાઇ શેખ ઉ.વ.૧૯ રહે.મ.ન ૧૪૧૫, નાની અલીનીપોળ, ઢાલગરવાડ, દરીયાપુર (૨) અલ્તાફ ઉર્ફે ટોટી યાસીનભાઇ શેખ ઉ.વ.૩૦ રહે.મ.નં. ૩૩૮૭ નગીનાપોળ, તંબુ ચોકી સામે, દરીયાપુરને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(બી) મુજબ પકડી અટક કર્યા હતા. ત્યારબાદ તેમની સઘન પુછપરછ કરતાં તેણે આજથી ચાર મહીના પહેલાં રમજાન ઇદનાં બે ત્રણ દિવસ પહેલાં શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચામુંડાબ્રીજ ઉપરથી એક બહેનનાં ગળામાંથી ચેઇન તોડી લુંટ કરેલાનું કબુલ કર્યુ છે.

**સરખેજઃ** અનઅધિકુત રીતે ગેશના બાટલાના જોડાણો ધરાવી વગર પરવાને ગેસનાં બાટલામાંથી વાહનોમાં ગેસ ભરી આપવાની બાતમી હકીકત હે.કો મોહમંદ ઇલ્યાસખાન દોલતખાનને મળતા તા. ૧૨/૧૨/૧૩ રાતના ૧૦/૪૫ વાગે સાણંદચોકડીથી શાંતીપુરા સર્કલ જતા સાણંદ રોડ ઉપર ગોડાઉનમાંથી ગેસ ભરી

આપવાની સાધન સામગ્રી, જુદી જુદી કંપનીનાં જુદા જુદા વજનનાં ગેસનાં ખાલી બાટલા નં-૬૧ તથા ભરેલા બાટલા નં- ૩૪ મળી ગેસનાં બાટલાનં-૯૫ કિ.રૂ-૧,૧૪,૦૦૦/- તથા રીફીલ મશીન નં- ૨ કિ.રૂ-૬૦૦૦/- તથા ઇ.વજનનો કાટો કિ.રૂ-૧૫૦૦/- મળી કુલ કિ.રૂ-૧,૨૧,૫૦૦/- મુદામાલ સાથે આરોપી મોહંમદઇરફાન અબ્દુલમહંમદ પટેલ (ઉ.વ.૩૯) (રહે, એ-૧૬ સુકુન સોસાયટી સરખેજ)ને ઝડપી લઈ તેની વિરૂધ્ધ આવશ્યક ચીજવસ્તું ધારા .કલમ-૩, ૭ મુજબ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી. ડી.ડી.ગોહિલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.